ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.નાં RuPay EMV Chip Debit Cum ATM Card આપવા તથા તેના ઉપયોગ અંગેનાં નીતિનિયમો

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.નાં RuPay EMV Chip Debit Cum ATM Card નો ઉપયોગ કરતાં પહેલાં નીચે આપેલા નિયમો અને શરતો કાળજીપૂર્વક વાંચી લેવા.

તમે ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.નાં કાર્ડ ધરાવો છો તથા તેનો ઉપયોગ કરો છો એનો અર્થ એવો થાય છે કે તમો નીચે જણાવેલ નીતિનિયમો અને શરતો સાથે સંમત છો અને તેનાથી બંધાયેલા છો. તમોને નીચે જણાવેલ નિયમો અને શરતો મંજુર ન હોય તો ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.નાં RuPay EMV Chip Debit Cum ATM Card પરત કરવા વિનંતી છે. સબબ કાર્ડ તમારી લેખિત અરજીને આધિન બેંક દ્વારા આપવામાં આવ્યો હોવાથી, કાર્ડ પરત કરવાના કિસ્સામાં નિયત કરેલ ચાર્જીસ પરત કરવામાં આવશે નહિ જે વિદિત થાય.

આપેલા નિયમો અને શરતો ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.નાં RuPay EMV Chip Debit Cum ATM Card લેનાર તેમજ તેનો ઉપયોગ કરનાર અધિકૃત વ્યક્તિને લાગુ પડશે. આ સિવાય ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. વખતોવખત જે નિયમો અને શરતો નક્કી કરે તે ઉપરાંત આ કરારની રૂએ દર્શાવાયેલા નિયમો અને શરતો વધારાની શરતો તરીકે ગણાશે અને લાગુ પડશે. નીચે જણાવેલ દરેક નિયમો અને શરતો ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.એ નિયત કરેલ છે.

કરારમાં આવતા શબ્દનો અર્થ :

૧.	બેંક	ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ., સુરત
૨.	Debit Card	ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. નું RuPay EMV Chip Debit Cum ATM Card
૩.	ATM	Automated Teller Machine (NFS) નેટવર્ક દ્વારા સંલગ્ન
૪.	Card holder	ખાતેદાર જેને ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંક લિ.નાં RuPay EMV Chip Debit Cum ATM Card આપવામાં આવેલ છે.
૫.	PIN	Personal Identification Number ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. ના ATM માંથી ગ્રાહક દ્વારા જનરેટ કરવામાં આવેલ મનપસંદ નંબર.
૬.	પ્રાયમરી એકાઉન્ટ	કાર્ડ દ્વારા વ્યવહારો કરવા માટે દર્શાવાયેલું ખાતું
૭.	Merchant Establishment	Merchant Establishment એટલે કે જ્યાં RuPay કાર્ડ શારીરિક/ભૌતિક રીતે યા પ્રત્યક્ષ રીતે સ્વીકારતા હોય, અને જ્યાં RuPay કાર્ડ અંગેનો લોગો મુકવામાં આવેલ હોય. આ પ્રકારનાં Merchant Establishment માં સ્ટોર્સ/ દુકાનો/રેસ્ટોરન્ટ/હોટલ્સ/એર લાઈન્સ/ATM/mail order Advertisers પછી તે retailors, distributers, manufactures વિગેરે હોય શકે છે.
૮.	Merchant	Merchant Establishment ના માલિક કે અધિકૃત વ્યક્તિ કે જે મેમ્બર establishment સંભાળતો હોય.
૯.	POS	ભારતમાં Merchant Establishment પાસે રહેતું ઈલેકટ્રીક ટર્મિનલ કે જે દ્વારા કાર્ડથી વ્યવહારો થાય અને કાર્ડ હોલ્ડર પોતાના ખાતામાં રહેલી જમા રકમ અનુસાર કાર્ડ દ્વારા ખરીદી કરી શકે.
૧૦.	Interpretation	(વ્યાખ્યા અર્થઘટન:-)
	a)	જ્યાં એકવચન હોય ત્યાં બહુવચનનો પણ સમાવેશ થઈ જાય છે અને એ જ રીતે જ્યાં બહુવચન હોય ત્યાં એકવચનનો પણ સમાવેશ થાય છે. જ્યાં Include શબ્દનો ઉપયોગ થયો છે તેનો અર્થ પણ without limitation માની શકાશે.
	b)	''જેન્ડર'' શબ્દમાં અન્ય જાતિનો (પુ./સ્ત્રી) પણ અર્થઘટન કરવાનો રહેશે.
	c)	સરકાર દ્વારા નિર્ધારિત કરેલ કાયદા-વટહુકમ કે કોઈ અન્ય કાયદો કરારમાં જ્યાં ઉલ્લેખ થયો હોય તે સંદર્ભમાં પ્રવર્તમાન બધા જ નીતિનિયમો, કાયદાઓમાં કરેલા સુધારા-વધારા તેમજ એકત્રીકરણ વિગેરેનો સમાવેશ થાય એવો અર્થ કરવાનો રહેશે.
	d)	શિર્ષકો, બોલ્ડ ટાઈપીંગ કે ઈટાલીક્સ ટાઈપ કરેલા અક્ષરો જે કરારમાં સામેલ કરવામાં આવેલ છે જે ફક્ત સગવડને ધ્યાને રાખીને કરવામાં આવેલ છે અને એનાથી શરતો કે નિયમોનાં અર્થઘટનમાં કોઈ ફેરફાર સમજવાનો નથી એવો થાય છે.
	e)	RuPay અંગેના નીતિનિયમોના ઉલ્લેખ કરારમાં થયો હોય તે પોતાના સભ્ય બેંકોને આપેલી માર્ગદર્શીકા મુજબના છે એમ સમજવાનું રહેશે.
	f)	આ કરારમાં દર્શાવાયેલી શરતો સાથે કોઈ વિસંગતતા ઉપસ્થિત ન થાય તે રીતે જનરલ Clauses નું અર્થઘટન કરવાનું રહેશે.

Applicability of Terms :-

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. અને કાર્ડ હોલ્ડર વચ્ચે થયેલ કરારની રૂએ એમ માનવામાં આવશે કે કાર્ડ હોલ્ડરે કોઈ પણ શરત વગર સંમત થઈ RuPay EMV Chip Debit Cum ATM Card અંગેની શરતો માન્ય રાખી છે. વધુમાં આ હકીકત એટલા માટે પણ કાર્ડ હોલ્ડરને માન્ય ગણાશે કારણકે કાર્ડ હોલ્ડરે કાર્ડ અંગેના અરજી પત્રક પર સહી કરી છે અથવા તો કાર્ડ મળ્યાની પહોંચ આપી છે અથવા કાર્ડની પાછળ કાર્ડ હોલ્ડરે નિયત કરેલ જગ્યા પર સહી કરી છે અથવા તો કાર્ડનો ઉપયોગ કરી વ્યવહારો કરેલ છે અથવા કાર્ડના સંદર્ભમાં કાર્ડ સક્રિય કરવા બાબતે વિનંતી કરીને અથવા ATM દ્વારા એક્ટીવેશન કરીને ઉપયોગ કર્યો હોય અથવા કાર્ડ મોકલ્યાની કે મળ્યાની તારીખથી ૧૦ દિવસનો સમય વિતિ ગયો હોય, કાર્ડ હોલ્ડરનાં ખાતા અંગેની શરતો ઉપરાંત આ કરારમાં દર્શાવાયેલા not in derogation શરતો વધારાની શરતો ગણાશે અને તે કાર્ડ હોલ્ડરના ખાતાની શરતો કરતાં નીચલી કક્ષાની ગણાશે નહીં. કાર્ડ હોલ્ડર્સ કોઈપણ જાતની સેવા યા સગવડ મેળવી શકશે.

પરંતુ આ પ્રકારની સેવાઓ ખાતાના વ્યવહારો અંગેની માહિતી પૂરતી મર્યાદિત રાખવી એવું જરૂરી ગણાશે નહિ. ખાતાના વ્યવહારો અંગેના પત્રક બેંક યા અન્ય માધ્યમ દ્વારા બધાં જ સમય માટે મેળવી શકાશે જે અંગે બેંકના કરારમાં પણ શરતો નિર્ધારીત કરવામાં આવેલ છે.

બેંક તરફથી RuPay EMV Chip Debit Cum ATM Card આપવા બાબત અંગે :-

ખાતેદારને ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. નો RuPay EMV Chip Debit Cum ATM Card આપવા અંગે બેંકની મુનસફી રહેશે. સબબ નિર્ણય લેતી વખતે કાર્ડ અંગે અરજી કરનાર વ્યક્તિનું બચત કે ચાલુ ખાતુ અથવા તો બેંકે નિર્ધારિત કરેલ અન્ય ખાતાનાં વ્યવહારો ધ્યાનમાં લેવાશે. અરજદાર પોતાના કયા ખાતામાં ATM કાર્ડ અંગેનો વ્યવહાર કરવા પ્રાથમિકતા આપવા માંગે છે તે અંગે બેંકને લેખિત જાણકારી કરવાની રહેશે. સગીરનાં ખાતામાં કે સગીર સાથેનાં સંયુક્ત ખાતા માટે બેંક અલગથી RuPay EMV Chip Debit Cum ATM Card આપવા બાબતે જરૂરિયાત આધારે નીતિનિયમો નક્કી કરશે.

કાર્ડનાં ફાયદા :-

કાર્ડ હોલ્ડર ATM મશીન દ્વારા એનાં નિર્ધારિત કરેલ ખાતામાંથી રોકડ રકમ ઉપાડી શકે છે. Merchant Establishment ને નાણાંની ચુકવણી કરી શકે છે. ખાતાની બાકી અંગેની માહિતી ATM કાર્ડના વપરાશ દ્વારા મેળવી શકાય છે. આ પ્રકારની સેવાઓ મેળવતા કાર્ડ હોલ્ડર્સોએ બેંકે નિર્ધારિત કરેલા નિયમો અને શરતો અને એમાં થતા વખતોવખતના ફેરફારોનું નિશ્ચિત પણે પાલન કરવાનું રહેશે. ભારતમાં સ્થાપિત થયેલા ATM તેમજ RuPay લોગોવાળા Merchant Establishment માં આ કાર્ડનો ઉપયોગ કાયદેસરનો ગણાશે. કાર્ડમાં દર્શાવાયેલ મહિનાની છેલ્લી તારીખ સુધી કાર્ડનો ઉપયોગ કાયદેસર રીતનો ગણાશે. વ્યવહાર થયેથી કાર્ડ સંલગ્ન કાર્ડ હોલ્ડરનું ખાતું ત્વરીત બેંક દ્વારા ઉધારાશે.

Personal Identification Number :-

RuPay EMV Chip Debit Cum ATM Card ની સેવાઓની શરૂઆત કરવા માટે કાર્ડ હોલ્ડરે સુરત ડિસ્ટ્રિક્ટના ATM મશીન પર જઈને પાસવર્ડ (PIN) જનરેટ કરવો પડશે, જેની માર્ગદર્શિકા અલગથી આ સાથે બિડેલ છે. જો કાર્ડ હોલ્ડર Personal Identification Number ભૂલી જાય તો તેણે નવો પાસવર્ડ (PIN) સુરત ડિસ્ટ્રિક્ટના ATM મશીન પરથી જ જનરેટ કરી શકાશે.

Loss / Theft of card :-

બેંકના RuPay EMV Chip Debit Cum ATM Card ની સુરક્ષા અંગેની જવાબદારી કાર્ડ હોલ્ડરની ગણાશે. જો કાર્ડ ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો કાર્ડ હોલ્ડરે સ્થાનિક પોલીસમાં રિપોર્ટ કરવાનો રહેશે અને તેની નકલ બેંકની કોઈપણ શાખાને અથવા તો શક્ય હોય તો બેંકની જે શાખાએ RuPay EMV Chip Debit Cum ATM Card ઈસ્યુ કરેલ હોય તે શાખાને મોકલવાની રહેશે.

કાર્ડ હોલ્ડર કાર્ડ ગુમ થયાની માહિતી બેંકને ટેલિફોન દ્વારા આપી શકશે, આમ છતાં કાર્ડ જપ્ત થાય અથવા રદબાતલ થાય ત્યાં સુધીના થયેલા વ્યવહારો અંગેની જવાબદારી કાર્ડ હોલ્ડરની ગણાશે. ગુમ થયેલ અથવા ચોરાયેલ RuPay EMV Chip Debit Cum ATM Card અંગે નવો કાર્ડ લેવા માટે કાર્ડ હોલ્ડરે લેખિત અરજી કર્યેથી બેંક નવો RuPay EMV Chip Debit Cum ATM Card કાર્ડ હોલ્ડર પાસેથી ચાર્જ લઈ આપી શકશે.

Surrender/Replacement of card :-

કાર્ડ હોલ્ડરને આપવામાં આવેલ કાર્ડ બેંકની મિલકત ગણાશે અને બેંકની વિનંતીને માન્ય રાખીને કાર્ડ હોલ્ડરે બેંકને કાર્ડ શરણે કરવાનો રહેશે. કાર્ડ હોલ્ડર જો કાર્ડ ઉપયોગ ન કરવા માંગતો હોય તો બેંકને કાર્ડ પરત કરી શકે છે અને એ જ રીતે કોઈપણ કારણસર બેંક RuPay EMV Chip Debit Cum ATM Card ની સેવા બંધ કરવા માંગે તો પણ કાર્ડ હોલ્ડરે કાર્ડ પરત કરવાનો રહેશે. કાર્ડ હોલ્ડર્સને ગુમ થયેલા અથવા ચોરાયેલા, RuPay EMV Chip Debit Cum ATM Card નો નવો કાર્ડ આપવા બાબતે બેંક પોતે સ્વતંત્ર રીતે નિર્ણય લેવા બાબતે હકદાર રહેશે.

Termination :-

કાર્ડ હોલ્ડર કાર્ડ અંગેની સેવા કોઈપણ સમયે બેંકને લેખિત અરજી કરી બંધ કરાવી શકશે અને અરજી સાથે કાર્ડના ટુકડા(સામ-સામેથી) કરી બે અરજી સાથે મોકલવાના રહેશે. આ નોટિસ બેંકને મળે ત્યાં સુધી થયેલા વ્યવહારો / બેંકના ચાર્જ વિગેરે બેંકને અદા કરવાની સંપૂર્ણ જવાબદારી કાર્ડ હોલ્ડર્સની ગણાશે. કાર્ડ બંધ કરવા બાબતે બેંક સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકશે.

યુસેઝ ગાઈડલાઈન્સ (કાર્ડ ધારક માટે કાર્ડના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા) :-

કાર્ડ હોલ્ડરે પોતે કાર્ડની સલામતી અંગેની જોગવાઈને ધ્યાનમાં રાખી કાર્ડ સુરક્ષિત જગ્યા પર રાખવાનો રહેશે અને કોઈપણ સંજોગોમાં કોઈ અન્ય વ્યક્તિને કાર્ડનો ઉપયોગ કરવા દેવો નહિ. કાર્ડ હોલ્ડરને કાર્ડ મળ્યેથી કાર્ડની પાછળના ભાગમાં કાર્ડ હોલ્ડરની સહી માટે નિર્ધારિત કરેલી જગ્યા પર તરત જ સહી કરવાની રહેશે. કાર્ડ હોલ્ડર બેંક તરફથી મળનાર દરેક પ્રકારની સવલતો તેમજ સંબધિત ચાર્જીસ આપવા બાબતે જવાબદાર રહેશે સહિ. તદુપરાંત કાર્ડ હોલ્ડર કાર્ડ અંગેનો વ્યવહારો શુદ્ધબુદ્ધ / વિશ્વાસથી કરશે. બેંક કાર્ડના આધારે થતાં વ્યવહારોમાં ફેરફાર કરી શકશે, પરંતુ આ બાબતે કાર્ડ હોલ્ડર્સને નોટિસ આપવી જરૂરી રહેશે. કાર્ડ હોલ્ડરને કાર્ડ સંબંધિત વ્યવહારોમાં કોઈ ક્ષતિ જણાય તો કાર્ડ હોલ્ડરે બેંક યા તેની સંબંધિત શાખાને લેખિતમાં / ફેક્સ દ્વારા અથવા બેંકને મંજુર હોય એવા માધ્યમ દ્વારા સબબ બાબતની જાણ ત્વરિત કરવાની રહેશે.

ATM દ્વારા કાર્યશીલ થયેલા વ્યવહારો અંગેની જવાબદારી બાબતે (Responsibility for All Transactions Processed through ATM) :-

કાર્ડ હોલ્ડરના ખાતા મારફત RuPay EMV Chip Debit Cum ATM Card સવલત માટે બેંકોના RuPay EMV Chip Debit Cum ATM Card ના મશીનનો જ ઉપયોગ કરવો જરૂરી રહેશે. કાર્ડ હોલ્ડરે ધારણ કરેલા RuPay EMV Chip Debit Cum ATM Card દ્વારા થયેલા બધાં જ વ્યવહારો માટે કાર્ડ હોલ્ડરની જવાબદારી રહેશે. સબબ વ્યવહારો માટે કાર્ડ હોલ્ડરની જાણમાં કે જાણ બહાર કે સ્પષ્ટ યા ગર્ભિત સંમતિથી થયેલા હોય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી કાર્ડ હોલ્ડરની જ રહેશે. ATM ના ઉપયોગ સમયે જે પ્રિન્ટેડ રેકોર્ડ ઉત્પન્ન થાય એ ATM સંબધિત રેકોર્ડ ગણાશે પરંતુ સબબ રેકોર્ડ બેંકનો છે એવું સમજવાનું નથી. વ્યવહારો અંગે બેંકના રેકોર્ડ બધા જ હેતુ ઓ માટે છેવટના અને બંધનકર્તા ગણાશે.

બહુવિધ ખાતાઓ બાબતે (Multiple Accounts) :-

બેંક સાથે કાર્ડ હોલ્ડરના બહુવિધ (Multiple) ખાતાઓ હોય તો બેંક કાર્ડ ફેસીલીટી અંગે કયા ખાતાઓમાં RuPay EMV Chip Debit Cum ATM Card ની સવલત આપવી છે તેનો નિર્ણય કરશે. આ રીતે બહુવિધ ખાતાઓ સાથે સંલગ્ન કાર્ડ પર પ્રથમ રોકડ વ્યવહાર બેંકના ATM પર થયેલાં ગણાશે પરંતુ જે વ્યવહારો (shared) નેટવર્ક ATM અને ''POS'' ટર્મિનલ પર થયા હશે તે અંગેની નાણાંકીય જવાબદારી કાર્ડ હોલ્ડરના પ્રાઈમરી ખાતામાંથી પરિપૂર્ણ કરવામાં આવશે. બેંક કાર્ડ સાથે સંલગ્ન ખાતામાં બધી જ ખરીદીની રકમ તેમજ સેવાઓના ચાર્જીસ / રોકડ રકમનો ઉપાડ, ફી, કાર્ડ વાપરવા અંગેની સેવાનો ચાર્જ વિ. ઉધારશે. કાર્ડ સાથે સંલગ્ન ખાતાના પત્રકમાં બધાં જ વ્યવહારો અંગેની નોંધ દર્શાવવામાં આવશે.

ATM ની સવલતો / વ્યવહારો અંગેની મર્યાદા (ATM Facilities / Transaction Limit) :-

RuPay EMV Chip Debit Cum ATM Card સગવડમાં ૨૪ કલાકના સમયમાં નિર્ધારીત રોકડ રકમ અંગેની નક્કી કરેલી મર્યાદા સુધીની રકમનો સમાવેશ થશે. આ સિવાય ખાતામાં રહેલી જમા / ઉધાર બાકીની વિગત, ખાતાના પત્રકની માંગણી, PIN બદલવાની વિનંતી વિ. સેવાઓ કાર્ડ હોલ્ડરને પ્રાપ્ત થઈ થકે છે.

ખાતાના પત્રક તેમજ નોંધ વિ. ની ચાદી (Statements and Records) :-

બેંક તરફથી કાર્ડ હોલ્ડરને થયેલા વ્યવહારો અંગેની મૈાખિક યા લેખિત ચાદી માંગ્યેથી મળી શકશે. કાર્ડ હોલ્ડરે કરેલા વ્યવહારોની ચોકસાઈ એને આપેલા ખાતાના પત્રક દ્વારા કરી શકશે.

કાર્ડ હોલ્ડરને પોતાના બેંક સાથે થયેલા વ્યવહારોમાં કંઈક વિસંગતતા જણાય તો સબબ બાબતે બેંકને લેખિતમાં પંદર દિવસમાં જાણ કરવાની રહેશે.

બેંકને પંદર દિવસમાં કાર્ડ હોલ્ડરે કરેલાં વ્યવહારો અંગેની કોઈ વિસંગતતા બાબતે લેખિતમાં જાણ ન કરવામાં આવશે તો એમ માની લેવામાં આવશે કે કાર્ડ હોલ્ડરને એના અપાયેલ પત્રક તેમજ ખાતામાં થયેલાં વ્યવહારો સાચા છે. RuPay EMV Chip Debit Cum ATM Card નાં ઉપયોગ કરતી વખતે કાર્ડ હોલ્ડરના હિતની ખાત્રી માટે બેંકને યોગ્ય જણાયે ATM બુથ પર કેમેરા કે વીડીયો દ્વારા રેકોર્ડીંગ કરી શકશે. આ પ્રમાણે કાર્ડ હોલ્ડર્સની સૂચના આધારિત ઈલેકટ્રોનિક ફોર્મેટમાં રખાયેલ બધો જ રેકોર્ડ તેમજ અન્ય વિગતો પેમેન્ટ અંગેની મર્યાદિત નહિ પણ પેમેન્ટ કરવા તેમજ સ્વીકારવા અંગેના હેડને કાર્ડ હોલ્ડરની સૂચના યા અન્ય વિગતો બાબતે કાર્ડ હોલ્ડરની સામે છેવટનો પુરાવો ગણાશે.

કાર્ડના ઉપયોગ બાબતે (Card Usage) :-

બેંકના RuPay EMV Chip Debit Cum ATM Card નો ઉપયોગ તમામ RuPay લોગોવાળા NFS Network ATM / ECOM / POS મશીન પર કરી શકાશે.

મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સાથેના વ્યવહારો બાબતે કાર્ડની ઉપયોગીતા (Merchant Location Usage):-

વ્યવહારો બાબતે RuPay કાર્ડનો લોગો દર્શાવતા આપણા દેશના બધા જ મેમ્બર્સ એસ્ટાબ્લીશમેન્ટ ઉપર, બેંકે કોઈ અન્ય એજન્સી માન્ય કરેલ હોય અને જ્યાં POS ટર્મિનલ સ્થાપિત કરેલ હોય તેવા બધાં જ સ્થળો પર કાર્ડ હોલ્ડર બેંકનાં RuPay EMV Chip Debit Cum ATM Card નો ઉપયોગ કરી શકશે. ચાર્જ સ્લીપ / વેચાણ અંગેની સ્લીપ દ્વારા વિજાણુયુક્ત માધ્યમ દ્વારા છપાયેલી હોય, કાર્ડનો ઉપયોગ વિજાણુયુક્ત માધ્યમ દ્વારા POS ટર્મિનલ પર થઈ શકશે. જ્યારે પણ કાર્ડનો ઉપયોગ મરચન્ટ એસ્ટાબ્લીશમેન્ટમાં થાય ત્યારે કાર્ડ હોલ્ડરે વેચાણ અંગેની સ્લીપ પર સહી કરવાની રહેશે અને પોતાની પ્રત (કોપી) પોતાની પાસે રાખવાની રહેશે. કોઈ સેલ સ્લીપ કાર્ડ હોલ્ડર્સ પોતે સહી ન કરી હોય પરંતુ એમ સાબિત થાય કે કાર્ડ હોલ્ડર્સે આવી વેચાણ સ્લીપ પર સહી કરવા કોઈને અધિકૃત કર્યા છે, તો કાર્ડ હોલ્ડર તરીકે વેચાણ સ્લીપ અંગે ઉપસ્થિત થતી જવાબદારી કાર્ડ હોલ્ડર્સની બને છે. મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ પર સ્થાપિત કરાયેલા POS ટર્મિનલ પર કાર્ડ હોલ્ડર્સે પોતાની સહી અને PIN દ્વારા વ્યવહારો કરી શકશે. કાર્ડ હોલ્ડર્સ અને મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ

વચ્ચે થયેલા વ્યવહારો કે જેમાં માલ કે સેવાઓનો સમાવેશ થતો હોય તેમાં બેંક કોઈપણ જવાબદારી સ્વીકારાશે નહિ. મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સાથે કાર્ડ હોલ્ડર્સને કોઈ ફરિયાદ હોય તો તેનું નિરાકરણ કાર્ડ હોલ્ડર્સે જાતે જ કરવાનું રહેશે. આમ કાર્ડ હોલ્ડર્સ તરફથી ના થાય તો પણ બેંક સાથેની એની જવાબદારીમાં કોઈ ફર્ક પડતો નથી. આમ છતાં પણ કાર્ડ હોલ્ડર્સે આવી ફરીયાદ અંગે બેંકને ત્વરિત જાણ કરવાની રહેશે.

મેમ્બર્સ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા કોઈપણ જાતનો સરચાર્જ લગાડેલ હોય તો તેવી રકમ કાર્ડ હોલ્ડર્સના ખાતે ઉધારવા બાબતે બેંક જવાબદારી સ્વીકારતી નથી. મેમ્બર એસ્ટાબ્લીશમેન્ટ તરફથી પેમેન્ટ રેકવીઝેશન સ્લીપ મળ્યેથી માની લેવામાં આવશે કે સ્લીપ પર લખાયેલ રકમ બરાબર છે અને કાર્ડ હોલ્ડર્સે કરેલ ખર્ચની રકમ જેટલી જ રકમ બરાબર રીતે રેકવીઝેશન સ્લીપ પર અંકિત કરવામાં આવેલ છે, સિવાય કે કાર્ડ હોલ્ડર્સનો કાર્ડ ખોવાઈ ગયો હોય, ગૂમ થયો હોય, ચોરાયો હોય, અગર દગાબાજીથી વપરાયેલ હોય... પરંતુ આ અંગેનો પુરાવો કાર્ડ હોલ્ડર્સે બેંકને આપવાનો રહેશે. કોઈ સંજોગોમાં કાર્ડ દ્વારા થયેલો વ્યવહાર ભૂલને કારણે કમી કરવો હોય કે કાર્ડ દ્વારા ખરીદ કરેલો માલ પરત કરવો હોય, મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટે સબંધિત કેશ સ્લીપ રદબાતલ કરવાની રહેશે અને એવી રદબાતલ થયેલ કેશ સ્લીપની કોપી કાર્ડ હોલ્ડર્સે રાખવાની રહેશે. ઉધાર કરવામાં આવેલી રકમ પરત કરવા / ઉલટાવવા માટે ચાર્જ સ્લીપ કાર્ડ હોલ્ડર પાસે માંગવામાં આવે તો રજુ કરવાની રહેશે. સબબ સ્લીપ આવા થયેલા વ્યવહાર રદબાતલ કરવા અને ખાતામાં ઉધારેલી રકમ ઉલટાવવા માટે જરૂરી બને છે.

જવાબદારીમાંથી બાકાત (Exclusion from Liability) :-

કાર્ડ હોલ્ડરને કાર્ડની સવલત આપવાના સંદર્ભમાં કાર્ડ હોલ્ડર બેંક કે બેંકના કર્મચારીઓએ શુભ નિષ્ઠાપૂર્વક કરેલ કાર્યો અથવા કાર્યો કરવા બાબતે ઈનકાર કર્યો હોય અથવા કાર્ડ હોલ્ડર્સની સીધી કે આડકતરી રીતે કોઈ ચૂક કે બેદરકારીના કારણે કોઈ શરતોનું પાલન ન થઈ શકે અથવા તો કાર્ડ હોલ્ડર કે તેના એજન્ટ અથવા કર્મચારીઓએ કરેલ દગા વિ. ને કારણે થતા નુકશાન અને સબબ નુકશાની અંગે કરેલા દાવાઓ, માંગણીઓ, નુકશાન ખોટ યા અન્ય કોઈ ચાર્જ વિ. કારણે ઊભી થતી જવાબદારીમાંથી કાર્ડ હોલ્ડર્સ બેંક કે બેંકના કર્મચારીઓને બચાવે છે - મુક્ત Indemnify કરે છે / રાખે છે.

રિઝર્વ બેંકના એક્ષચેન્જ કન્ટ્રોલ અંગેના નીતિ-નિયમોનું અપાલન બાબતે થતી જવાબદારીમાંથી / ઉપસ્થિત થતાં પરિણામોમાંથી કાર્ડ હોલ્ડર્સ બેંકને બાકાત રાખે છે, Indemnify કરે છે.

કાર્ડ હોલ્ડર કોઈપણ મશીન યાંત્રિક ભૂલ નિષ્ફળતાને કારણ બેંકને નુકસાન થાય તો તે ભરપાઈ કરવા સંમત થાય છે.

કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર અગાઉ દર્શાવાયેલી બાબતો સિવાયની કાર્ડ હોલ્ડર્સને સીધી કે આડકતરી રીતે નુકશાન જાય તેની નીચે જણાવેલ કામો પૈકી કોઈ પણ જાતની જવાબદારી બેંકને સ્વીકાર્ય રહેશે નહીં.

(૧) માલની ગુણવત્તા યા પૂરી પાડવામાં આવતી સેવામાં કોઈ ખામી માટે
(૨) કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડ સ્વીકૃતિનો ઈનકાર
(૩) ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.ના અંકુશ બહાર કોમ્પ્યુટર ટર્મિનલ સીસ્ટમની ખામીયુક્ત કામગીરીને કારણે
(૪) કાર્ડ હોલ્ડરની સૂચના વગર કોઈ વ્યવહાર કરવામાં આવ્યો હોય તે અંગેની
(૫) બેંકના અધિકૃત કર્મચારીઓ સિવાય અન્ય કોઈને બેંકની પ્રિમાઈસીસમાં કાર્ડ હોલ્ડર દ્વારા કાર્ડ આપવામાં આવેલ હોય.
(૬) મુદ્દત પૂરી થતા પહેલાં બેંક કાર્ડ હોલ્ડરને કાર્ડ બેંકને સુપરત કરવા જણાવે તેવા સંજોગોમાં
(૭) બેંક તરફથી કોઈ પણ કાર્ડનો અંત લાવવાનો બેંકને અધિકાર રહેશે.
(૮) કાર્ડનો કબજો ફરીવાર મેળવવાને કારણે કાર્ડ હોલ્ડરની છાપ, ચારિત્ર્ય આબરૂ પર વિપરીત અસર પડે યા કોઈ મેમ્બર્સ એસ્ટાબ્લીશમેન્ટ કાર્ડ પરત યા અસ્વીકૃત કરે
(૯) કાયદામાં દર્શાવાયેલી બાબતો સિવાય બેંક કોઈ ખોટો અહેવાલ / નિવેદન કરે, ખોટી રજુઆત કરે, કોઈ ભૂલ કરે યા કોઈ ગફલત કરે, એ પરિપ્રેક્ષ્યમાં કોર્ટમાં કોઈ નિર્ણય માટે કાયદેસરના કામ અંગે બેંકને હાજર થવા બાબતે ફરમાન / હુકમ કરવામાં આવે, મનાઈ ફરમાવવામાં આવે, જપ્તી કરવાની કાર્યવાહી કે ફરજીયાત ઉઘરાણી કરવાની કાર્યવાહી કે મિલ્કત અંગે ભોગવટાનો અધિકાર બાબતે માહિતી યા નોટિસ બાબતે વિ. સારા વિશ્વાસથી (Good faith) કાર્ડ હોલ્ડર કે કાર્ડ હોલ્ડરનાં અધિકૃત પ્રતિનિધિ કાર્ડ અંગેનાં વ્યવહારો ચાલુ રાખવા બાબતની ક્ષમતા અંગેની કાબેલીયત બેંકને પૂર્ણતઃ ન જણાય તો, બેંક કાર્ડ હોલ્ડર્સ અગર કાર્ડ હોલ્ડર્સના અધિકૃત પ્રતિનિધિને કાર્ડ હોલ્ડર્સને તેનું પોતાનું ફંડ યા ફંડ પૈકીની રકમ આપવા બાબતે પેમેન્ટ કરવા બાબતે ઈન્કાર કરી શકે છે અને અન્ય જરૂરી કાયદેસરના આનુષાંગિક પગલાંઓ લઈ શકે છે. બેંક યોગ્ય સર્વિસ ચાર્જ, કરેલ ખર્ચની વસુલાત અને કાર્ડ હોલ્ડર્સના કાર્ડ બાબતે જરૂર જણાયે લીધેલ કાયદેસરના પગલાં બાબતે થયેલ ફી ખર્ચ વિ.નાં નાણાં, કાર્ડ હોલ્ડરના ખાતામાંથી ઉધારી વસુલ કરવાનો બેંકનો હક અબાધિત રહેશે.

કોઈપણ વ્યક્તિ કાર્ડ પરત બાબતે કોઈ નિવેદન યા કોઈ કાર્ય વ્યક્તિગત કે સંયુક્ત રીતે કરે તો :-

બેંક અથવા બેંક દ્વારા અધિકૃત વ્યક્તિ દ્વારા કાર્ડ હોલ્ડર પાસે ક્લેઈમ સેટલમેન્ટ અંગે બાકી રહેતી રકમની ઉઘરાણી કરવામાં આવે ત્યારે કાર્ડ હોલ્ડરે સમજીને સ્વીકારવાનું રહેશે કે આ રીતે કરેલી ઉઘરાણીનું કાર્ય બદનક્ષીયુક્ત નથી અથવા પૂર્વગ્રહયુક્ત અથવા કાર્ડ હોલ્ડરના ચારિત્ર્યને કોઈપણ રીતે હાનિકર્તા નથી. યાંત્રિક ખામીને કારણે જો કોઈ નુકશાન થશે તો તે અંગેની જાણ કાર્ડ હોલ્ડરને સંદેશથી કે કોઈ અન્ય સ્તોત્ર દ્વારા કરવા અંગેના પ્રયાસ બેંકના રહેશે.

ઈનઓપરેટીવ / ડોરમેન્ટ (નિષ્ક્રીય) ખાતાઓ :-

કાર્ડ હોલ્ડરના ખાતામાં કોઈ વ્યવહારો થતાં ન હશે... / ખાતાઓ સુષુપ્ત થયાં હશે તેવાં ખાતાઓવાળા કાર્ડ ધારકોને બેંકના અધિકૃત કર્મચારીઓ સંશોધન કરી યોગ્ય જણાયે... કાર્ડ હોલ્ડર્સને કાર્ડ પરત કરવા જણાવી શકશે.

કાર્ડની તબદીલી બાબત (Non Transferability of Card) :-

બેંકનો RuPay EMV Chip Debit Cum ATM Card બીજા કોઈને કોઈપણ સંજોગોમાં તબદીલ કરી શકાશે નહિ. એટલે જે કાર્ડ હોલ્ડરને નામે કાર્ડ એનાયત થયો હોય તેમના દ્વારા જ કાર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.

RuPay EMV Chip Debit Cum ATM Card હેઠળ કાર્ડની માલિકી :-

RuPay EMV Chip Debit Cum ATM Card ની માલિકી બેંકની રહેશે અને બેંક માંગે ત્યારે અથવા કાર્ડ હોલ્ડર કાર્ડ અંગેની સેવા ચાલુ રાખવા માટે ઈચ્છુક ન હોય ત્યારે બેંકને કાર્ડ પરત કરવાનો રહેશે. કાર્ડ હોલ્ડરના ખાતા અંગેની માહિતી અન્ય સંસ્થાઓને આપવા બાબતે બેંક પોતાનો હક્ક અબાધિત રાખે છે અને યોગ્ય જણાયે અન્ય સંસ્થાઓ આ અંગેની માહિતીનો દુરુપયોગ ન કરે એવી શરત સાથે ઈતબાર રાખી બેંક સબબ માહિતી અન્ય સંસ્થાઓને આપી શકશે.

મુખ્ય ખાતામાં ઓછામાં ઓછું બેલેન્સ રાખવા બાબતે :-

બેંક વખતોવખત જે નક્કી કરે એ પ્રમાણેનું ઓછામાં ઓછું બેલેન્સ કાર્ડ હોલ્ડરે પોતાના ખાતામાં રાખવાનું રહેશે અને સાથે સાથે બેંક વખતોવખત સબબ સેવા અંગે જે નિર્ધારિત ચાર્જ યા દંડનીય ચાર્જ નક્કી કરે એ પ્રમાણેનો ચાર્જ પણ કાર્ડ હોલ્ડરે બેંકને આપવાનો રહેશે. આ સિવાય કાર્ડ હોલ્ડરો બેંકે કોઈપણ સમયે નક્કી કરેલા ઓછામાં ઓછું બેલેન્સ ખાતામાં રાખવામાં નિષ્ફળ જાય તો કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર બેંક RuPay EMV Chip Debit Cum ATM Card ની સેવા પાછી ખેંચી શકશે અને તે અંગે બેંકની કોઈ જવાબદારી રહેશે નહિ.

બેંકના લ્હેણા પ્રત્યેનો હક (પૂર્વાધિકાર) :-

બેંક દ્વારા RuPay EMV Chip Debit Cum ATM Card અંગેની અપાતી સેવા અંગેના ચાર્જ, દંડનીય ચાર્જ કે અન્ય સંબંધિત ચાર્જ અંગેની રકમ બેંક કાર્ડ હોલ્ડરના કોઈપણ વ્યક્તિગત કે જોઈન્ટ ખાતામાં રહેલી બાકીમાંથી કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર વસુલ કરી શકશે.

(i) કાર્ડ હોલ્ડરનાં વ્યક્તિગત યા અન્ય જોઈન્ટ ખાતામાં રખાયેલી બેલેન્સ રકમ યા બેંકમાં રખાયેલી અન્ય રકમ, બોન્ડ તેમજ કોઈ અન્ય અસ્કયામતો, દસ્તાવેજો, કે કાર્ડ હોલ્ડર્સ કે તેના ગ્રુપની મિલ્કતો જે બેંકમાં જામીનગીરી તરીકે મૂકાયેલી હોય, તેવી રકમમાંથી બેંકને RuPay EMV Chip Debit Cum ATM Card અંગેની ફી સેવાઓ યા અન્ય દંડનીય રકમ યા આનુષાંગિક ચાર્જ વિ. વસુલ કરવાનો સર્વોપરિ હક્ક છે, પછી ભલે કોઈ અન્ય લીયન કે ચાર્જ અસ્તિત્વમાં હોય કે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર હોય. સબબ બાબતે બેંક યા બેંક સાથેની સંલગ્ન કંપનીઓને કાર્ડ હોલ્ડર્સ પાસેથી લ્હેણી રકમ કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર વસુલ કરવાનો, ખાતે ઉધારવાનો હક્ક છે પછી તે જવાબદારી ચાલુ હોય, સંભવિત (Contingent) હોય, પ્રાથમિક હોય કે વધારાની હોય, વ્યક્તિગત કે જોઈન્ટ કે સેવરલ હોય. આ પ્રકારનાં નાણાં કાર્ડ હોલ્ડર્સના ખાતામાં જુદા જુદા ચલણમાં હોય તો પણ બેંકના લીયન અંગેનાં હકમાં કોઈ ફેરફાર પડતો નથી. બેંક તેમજ તેની સંલગ્ન કંપનીઓને કાર્ડ હોલ્ડર્સના નાદાર થવાથી, મૃત્યુ થવાથી કે ઘંઘો સમેટી લેવાથી પોતાના ચાર્જ વસુલ કરવાના ''લીયન'' અંગેના હક્ક પર કોઈ અસર પડશે નહિં. બેંકનાં નાણાં ચુકવવાની તેમજ સંબંધિત બાબતે ઉપસ્થિત થનારા ઝઘડાઓ કે વાંધાઓના નિવારણ કરવાની સંપૂર્ણ જવાબદારી કાર્ડ હોલ્ડર્સની બને છે.

(ii) ઉપરોક્ત હક્ક યા કરાર કે કોઈ અન્ય હક્કોની રૂએ, કાર્ડ હોલ્ડર્સ બેંકને નીચે પ્રમાણે અધિકૃત કરે છે.
  (a) કોઈપણ સમયે બેંક કાર્ડ હોલ્ડર્સની બેંકની બધી જ શાખાઓના ખાતાની જવાબદારી એકત્ર કરી શકે છે.
  (b) જાહેર તેમજ ખાનગી રાહે કાર્ડ હોલ્ડર્સ બેંકને આપેલી જામીનગીરી અથવા મિલકતો કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર વેચી બેંક પોતાના કાર્ડ હોલ્ડર્સ પાસે ઉપર જણાવ્યા પ્રમાણે જવાબદારી પેટેનાં એકત્ર નાણાં વ્યાજ સહિત તેમજ સંલગ્ન કાર્યવાહી પેટે થયેલ ખર્ચની સઘળી રકમ પણ વસુલ કરી શકે છે.

મલ્ટીપલ કાર્ડ હોલ્ડર્સ :-

જોઈન્ટ એકાઉન્ટ either or survivor, anyone or survivorના કિસ્સામાં જ્યારે એક કરતાં વધુ વ્યક્તિના નામનો કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યો હોય ત્યારે તમામ કાર્ડ હોલ્ડર સાથે મળીને વ્યક્તિગત કાર્ડ હોલ્ડરને ૨૪ કલાકમાં જે ઉપાડ કરવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે તેટલી મર્યાદામાં જ રોકડ ઉપાડ કરી શકાશે.

સંયુક્ત ખાતાઓ :-

જોઈન્ટ એકાઉન્ટના કિસ્સામાં જ્યારે ફક્ત એક જ કાર્ડ આપવામાં આવ્યો હોય ત્યારે અન્ય જોઈન્ટ એકાઉન્ટ હોલ્ડરે કાર્ડ ઈસ્યુ કરવાના અરજી ફોર્મમાં RuPay EMV Chip Debit Cum ATM Card અંગેની શરતો અંગે લેખિત સંમતિ આપી કબુલાત આપવાની રહેશે. સંયુક્ત કાર્ડ હોલ્ડર્સ કાર્ડ અંગે ઉપસ્થિત થતા વ્યવહારોનું સ્ટોપ પેમેન્ટ કરી શકાશે, પરંતુ સ્ટોપ પેમેન્ટની સૂચના પરત ખેંચવા બાબતે બધાં જ સંયુક્ત કાર્ડ હોલ્ડર્સોની સંમતિ સાથે બેંકને લેખિત અરજી કરવાની રહેશે.

ખાતામાં બાકી રખાતી રકમ બાબતે (Funds in Accounts) :-

RuPay EMV Chip Debit Cum ATM Card ના ધારકે પોતાના ખાતામાં બાકી રકમ હેઠળ તેની મર્યાદામાં જ કાર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.

કાર્ડ હોલ્ડર્સે ખાતામાં કાર્ડના ઉપયોગ બાબતે સંબંધિત રકમ ખાતામાં ઉધારવા બાબતે બેંકને અધિકૃત કરવા બાબતે :-

કાર્ડ ધારકોએ કાર્ડ સંબંધિત નાણાંનો ઉપાડ કર્યો હોય યા કાર્ડના ઉપયોગ દ્વારા બેંકના રેકોર્ડ મુજબ કોઈ રકમ ટ્રાન્સફર કરી હોય તેવાં વ્યવહારોની એકત્ર રકમ કાર્ડ હોલ્ડર્સ એઓના ખાતામાં ઉધારવા બાબતે બેંકને અધિકૃત કરે છે. RuPay EMV Chip Debit Cum ATM Card મશીન પર થયેલાં વ્યવહારો કાર્ડ હોલ્ડર્સ તેમજ બધાં જ સંયુક્ત કાર્ડ હોલ્ડર્સને પૃથક તથા સંયુક્ત રીતે બંધનકર્તા ગણાશે.

ખાતું બંધ કરવા બાબતે :-

કાર્ડ હોલ્ડર્સ બેંક ખાતું બંધ કરવા માંગતા હોય અથવા બેન્ક દ્વારા આપવામાં આવેલ RuPay EMV Chip Debit Cum ATM Card ની સવલતનો ઉપયોગ બંધ કરવા માંગતા હોય તો તેઓએ બે દિવસની મુદ્દત સાથેની લેખિત નોટીસ બેંકને આપવાની રહેશે અને સબબ નોટીસ સાથે કાર્ડ પરત કરવાનો રહેશે. કાર્ડ હોલ્ડર્સે RuPay EMV Chip Debit Cum ATM Card ની ફેસીલીટી બંધ કરતાં પહેલાં બાકી રહેતી રકમ-ચાર્જ-ઈંડનીય ચાર્જ કે વ્યાજ કે અન્ય કોઈ ચાર્જ પેટે બાકી રહેતી રકમ બેંકને અચૂક ચૂકવવાની રહેશે.

કાર્ડના સ્વીકાર બાબતે (Honouring of the Card) :-

કોઈપણ કારણસર કાર્ડના વ્યવહાર અંગેનો બેન્ક સ્વીકાર ન કરે અથવા પાવર સપ્લાય બંધ હોવાને કારણે RuPay EMV Chip Debit Cum ATM Card Machine નો ઉપયોગ શક્ય ન બને યા RuPay EMV Chip Debit Cum ATM Card નો નાશ થયો હોય, કોઈ કારણસર ATM મશીનમાં પૂરતી રોકડ રકમ ન હોય વિગેરે કારણોસર કાર્ડની સ્વીકૃતિ બેંક ન કરી શકી હોય તો તે બાબતે બેંકની જવાબદારી રહેશે નહિ / ગણાશે નહિ.

RuPay EMV Chip Debit Cum ATM Card અંગેના વ્યવહારો ન થવાને કારણે ઉત્પન્ન થતી પરિસ્થિતિ :-

જો કોઈ કારણસર ATM મશીન પર કાર્ડના વ્યવહારો ન થઈ શકે તો તે અંગેની માહિતી બનતી ત્વરાએ બેંકને કરવાની રહેશે. આ પ્રકારની ફરિયાદનું નિરાકરણ બેંક ૭ દિવસમાં કરશે, પરંતુ તેમાં બેંકની જાહેર રજા તથા ત્રિમાસિક / છ માસિક / વાર્ષિક દિવસના છેલ્લા દિવસનો સમાવેશ થશે નહિ.

નિયમન અંગેના કાયદા / ઝઘડા બાબતે કાયદેસરની સત્તાના અમલનું ક્ષેત્ર (Governing Laws and Dispute Jurisdiction) :-

RuPay EMV Chip Debit Cum ATM Card અંગે ઉપર દર્શાવાયેલી શરતોના ઉપયોગ-અમલીકરણ ભારત સરકારના કાયદાને આધીન રહેશે અને તમામ પ્રકારના તકરારનું નિરાકરણનું ક્ષેત્ર (Jurisdiction) સંપૂર્ણ રીતે સુરત (ગુજરાત)ની કોર્ટનું રહેશે.

પ્રગટીકરણ-ઘટસ્ફોટ (Disclosure) :-

કાર્ડ હોલ્ડર એ વાત સાથે સંમત થાય છે કે કાર્ડ સંબંધિત વ્યવહારો અંગે એના તરફે ઉપસ્થિત થયેલી ચૂકવણી બેંકને ન કરવામાં આવે તો બેંક અને / અથવા રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને, બિનશરતી ધોરણે કાર્ડ હોલ્ડર્સે અથવા ડિરેક્ટર્સ / ભાગીદારો / સંયુક્ત અરજદારોએ કરેલ કસુર તેના નામ સહિત બેંક / અથવા રિઝર્વ બેંકને એ અંગે મીડિયા દ્વારા જાહેર કરવાનો અધિકાર રહેશે સહી. કાર્ડ હોલ્ડર્સે બેંકને કાર્ડ / કાર્ડ અંગેના ખાતાની / નાણાંની ચૂકવણી અંગેના અનુભવની માહિતી અને કાર્ડ અંગેની અરજીના સંદર્ભમાં તેમજ સબબ અરજીમાં દર્શાવાયેલી બધી જ શરતો અંગેની જાણકારી બેંક પોતાની સાથે જોડાયેલી સંસ્થાઓ/બેંકો/ નાણાંકીય સંસ્થાઓ / સાર્વજનિક માહિતી માટેનું કાર્યાલય / દફ્તર / પેઢી / કચેરી, કાયદેસરની સંસ્થાઓને કરી શકાશે અને સંબંધિત બાબતે ઉપસ્થિત કોઈપણ પ્રકારની જવાબદારીમાંથી કાર્ડ હોલ્ડર્સ બેંકને મુક્ત રાખે છે.

ફી (Fees) :-

હાલમાં RuPay EMV Chip Debit Cum ATM Card ની સેવા વિનામૂલ્યે ગ્રાહકોને આપવામાં આવે છે. પરંતુ ગ્રાહકોએ નીચે દર્શાવ્યા મુજબના અન્ય ચાર્જ (મૂલ્ય) બેંકને ચૂકવવાનું રહેશે અને બેંક સબબ ચાર્જ (મૂલ્યો) કાર્ડ હોલ્ડર્સના સંલગ્ન મુખ્ય ખાતામાંથી ઉધારી વસુલ લેશે. દરેક પ્રકારના ટેક્ષની ચૂકવણી ગ્રાહકોએ અલગથી કરવાની રહેશે. બેંકની પોતાની નીતિ અનુસાર ચાર્જ, ફેરફારને આધીન રહેશે.

TARIFF SHEET

ફાળવણી ખર્ચ	
પ્રાથમિક કાર્ડ	વિના મુલ્યે
વધારાનો કાર્ડ	રૂા. ૧૫૦/- + ટેક્ષ
વાર્ષિક ખર્ચ	
પ્રાથમિક કાર્ડ	રૂા. ૧૫૦/- + ટેક્ષ
વધારાનો કાર્ડ	રૂા. ૧૫૦/- + ટેક્ષ
નવા કાર્ડનો ચાર્જ	રૂા. ૧૫૦/- + ટેક્ષ
PIN બનાવવા માટેનો ચાર્જ	રૂા. ૫૦/- + ટેક્ષ
OTP ચાર્જ (પ્રતિ SMS)	રૂા. ૪/- + ટેક્ષ
પ્રતિ માસ પાંચ વ્યવહારો પછી બીજી NFS મેમ્બર બેંકના ATM પરના પ્રતિ વ્યવહારનો ચાર્જ, નાણાકીય વ્યવહાર માટે બિન-નાણાકીય વ્યવહાર માટે*	 રૂા. ૨૦/- રૂા. ૮/-
ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ. નાં ગ્રાહકો દ્વારા બેંકના ATM માંથી વ્યવહાર	વિના મુલ્યે

*ભવિષ્યમાં NFS નેટવર્ક સાથે નક્કી કરવામાં આવેલ ફી વ્યવહારોની સંખ્યામાં બદલાવ આવી શકે છે.

અસ્વીકાર : (Disclaimer) :-

બેંક પોતાની પ્રોડક્ટ / સેવાઓ બાબતે પોતાની સંપૂર્ણ વિવેકશક્તિ મુજબ કોઈ અન્ય સેવા આપનાર / એજન્ટ / સંસ્થાઓની જરૂર પડે સેવા લઈ શકશે.

(નોંધ : ઉપરોક્ત કરારના અર્થઘટન બાબતે અંગ્રેજી ભાષામાં લખાયેલ કરારની શરતો માન્ય રહેશે. / ગણાશે.)